## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... આપણાં બે સામે ગયા... એમના ત્રણ આપણે લીધા અને, યાદ છે...? આપણો એક છેલ્લે ફરી ગયો...!! થઇ ગયાને બરાબર...!!**

# વાઈફાઈ સીટીનું ડચકાં ખાતુ વાઈફાઈ

## મસ મોટી જાહેરાતો સાથે એપ્રિલ માસના પ્રારંભે શરૂ થયેલુ વાઈફાઈ કનેકટીવીટી સહિતની અનેક સમસ્યાઓથી ઘેરાયું

ગાંધીનગર, તા.૨૮

પાટનગર ગાંધીનગરને ફ્રી વાઈફાઈ સીટી બનાવવાનો પ્રોજેકટ ખુબ મોટા ઉપાડે શરૂ થયો પરંતુ કનેકટીવીટી સહિતની અનેક સમસ્યાઓથી ઘેરાયેલો આ પ્રોજેકટ ડચકાં ખાઈ રહ્યો છે. દુરના સ્થળો તો ઠીક પરંતુ જયાં રાઉટર મુકાયા છે ત્યાં પણ સો ટકા કનેકટીવીટ આવતી નથી અને જો આવે છે તો પણ તેની ગતિ ખુબ ધીમી રહે છે.

ગાંધીનગરને અનેક નામે ઓળખવામાં આવે છે. ગ્રીનસીટીથી લઈને ફુલોની નગરી અને હવે તેને વાઈફાઈ સીટી તરીકેની ઓળખ અપાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આધુનિક શહેરની ઓળખ માટે ફ્રી વાઈફાઈ સીટી બનાવવાનો પાઈલોટ પ્રોજેકટ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. એપ્રિલ માસના પ્રારંભે જ ખાનગી કંપનીના સહયોગથી શહેરમાં ઠેકઠેકાણે વાઈફાઈ રાઉટર લગાવી વાઈફાઈ સીટીના સ્વપ્રને પુર્ણ કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી. શહેરની બહુમાળી ઈમારતો પર રાઉટર ગોઠવી વાઈફાઈ શરૂ કરવામાં આવ્યુ હતું. આ પ્રોજેકટ શરૂ થયો તેના પ્રથમ અઠવાડિયામાં તેના ખુબ સુંદર પરિણામો પ્રાપ્ત થયા. સ્માર્ટ ફોન ધારકોએ ફ્રી વાઈફાઈનો ઉપયોગ પણ શરૂ કરી દીધો હતો. જોકે થોડાક જ સમયમાં આ પ્રોજેકટ જાણે ડચકાં ખાઈ રહ્યો છે. દુરના સ્થળોએ તો કનેકટીવીટી મળતી જ નથી પરંતુ જયાં રાઉટર છે ત્યાં પણ કયારેક વાઈફાઈ આવે તો કયારેક તેની ગતિ ખુબ ધીમી હોય છે. કનેકટીવીટી સહિતની અનેક સમસ્યાઓ અંગે શહેરીજનોએ ફરિયાદ કરી હોવા છતાં તેનો ઝડપથી ઉકેલ આવતો નથી. વાઈફાઈ સીટી જાણે હવે નામ માત્રનું હોય તેવું લાગી રહ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં લગ્નસરાની મોસમ ખીલી છે.

● ગાંધીનગર શહેરમાં ગરમી વધતાં જ ઠેર ઠેર ઠંડા પાણીના જગ મુકી અને પરબો ઉભી કરાઈ છે.

● ગાંધીનગર શહેરમાં પેયજળની માંગમાં વધારો થવા પામ્યો છે.

● ગુજરાત યુનિ. સંલગ્ન કોલેજોમાં વેકેશનનો આરંભ થઈ ગયો છે તો પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં ૧લી મેથી વેકેશન શરૂ થશે. પરીક્ષાકાર્ય સંપન્ન થતાં શિક્ષકો મૂલ્યાંકનની કામગીરીમાં વ્યસ્ત બન્યા છે.

● ગુજરાતી સાહિત્યના શિરમોર નવલકથાકાર ગોવર્ધનરામ ત્રિપાઠીની ટપાલ ટિકિટ બહાર પાડવાના યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતભરના નાગર બ્રાહ્મણ સમાજના શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે સરસ્વતીચંદ્ર સિરીયલની યાદ દેવડાવી હતી ત્યારે શ્રોતામાં સલિલ મહેતાની ઉપસ્થિતિ હતી.

● ગાંધીનગર શહેરમાં ૧લી મે થી સીસીટીવી સર્વેલન્સનો પ્રોજેકટ કાર્યાન્વીત થાય તે રીતે કામગીરી હાથ ધરવામાં આવી છે.

## ભાડજના હરે ક્રિષ્ના મંદિરના પ્રથમ પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદના ભાડજ મુકામે આવેલ હરે ક્રિષ્ના મંદિરના પ્રથમ પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ પાટોત્સવ નિમિત્તે આગામી તા. ૭ મે ના રોજ સાંજે ૬.૦૦ કલાકે પાલકી ઉત્સવ, ૬.૩૦ કલાકે નૌકાવિહાર, ૭.૩૦ કલાકે કૃષ્ણલીલા પર કથક નૃત્ય કરાશે તથા રાત્રે ૮.૩૦ કલાકે હિંડોળા ઉત્સવ યોજાશે. તા. ૮મે ને રવિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે પાલકી ઉત્સવ, ૬.૩૦ કલાકે રથયાત્રા નિકાળવામાં આવશે. તેમજ ૭.૩૦ કલાકે ભજન સંધ્યાનું પણ આયોજન કરાયુ છે. જયારે રાત્રે ૮.૩૦ કલાકે હિંડોળા ઉત્સવ યોજાશે. આગામી તા. ૯મે ને સોમવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે ચરણાભિષેકનું આયોજન કરવામાં આવ્યું છે.

# વિદ્યાર્થીઓના આઈડિયાઝને ''સ્ટાર્ટ અપ'' કરતુ ઈ-સેલ

## વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજમાં પ્રારંભ કરાયેલ 'ઈ-સેલ'માં વિદ્યાર્થીઓને 'સ્ટાર્ટ અપ' પ્રોજેક્ટસ રજીસ્ટર્ડ કરાવવાની સુવિધા : પેટન્ટ રજીસ્ટર્ડ કરાવવાથી માંડીને આર્થિક મદદની વ્યવસ્થા કરાઈ : વિદ્યાર્થીઓએ અનોખા સ્ટાર્ટઅપ્સ રજીસ્ટર્ડ કરાવ્યા

ગાંધીનગર, તા. ૨૮

સ્ટાર્ટ અપ ઈન્ડિયા - સ્ટેન્ડ અપ ઈન્ડિયાના સુત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં કૌશલ્ય આધારિત



નવીન વિચારોને વેગવંતા બનાવી વિકાસના નવા સોપાન સર કરવાનું સ્વપ્ર સેવ્યું છે. ચાંદખેડાની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ દ્વારા 'સ્ટાર્ટ અપ' ઈન્ડિયા અંતર્ગત ઈ-સેલની રચના કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓને તેમના ઈનોવેટિવ આઈડિયાઝ દ્વારા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટસ તૈયાર કરી તેને અમલ મુકવાની વિશેષ તક પ્રદાન કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓના આ આઈડિયાઝની પેટન્ટ ફાઈલ કરવી, વર્કિંગ મોડેલ્સ તૈયાર કરવામાં મદદરૂપ થયું તથા સંસ્થા દ્વારા આર્થિક સપોર્ટ, સંશોધન સપોર્ટ, એક્સપર્ટસનું માર્ગદર્શન વગેરેની વ્યવસ્થા ઈસેલ દ્વારા કરવામાં આવશે.

ચાંદખેડાની વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનીયરીંગ કોલેજમાં ચાલુ કરાયેલ ઈસેલમાં વિદ્યાર્થીઓએ સ્ટાર્ટઅપ્સ પ્રોજેકટસ રજીસ્ટર્ડ કરાવવા માંડ્યા છે. આ પ્રોજેક્ટ્સમાં કોમ્પ્યુ-ટેલેન્ટ, લિકવીડ સેવિંગ મશીન, વાઈકોન, મેન્યુઅલ વુડન સુગરકેન જ્યુસર, માય ટુલ બેગ, આસ્ક-ટુ-પ્રિન્ટ અને બુકોપસ જેવા ઈનોવેટિવ આઈડિયાઝ નોંધાઈ ચૂક્યાં છે. નિખિલ સુથાર અને કેવલ પુરોહિત દ્વારા નોંધાયેલ 'કોમ્પ્યુ ટેલેન્ટ' સ્ટાર્ટઅપમાં 'ભારતભરમાં સો ટકા ડિઝીટલ સાક્ષરતા'નું સ્વપ્ર સેવવામાં આવ્યું છે. વિશાલ જોષી, વિશાલ કાવા અને કુશ ત્રિવેદી દ્વારા 'સિકવીડ સર્વિંગ મસીન' એલએસએમની શોધ રજૂ કરાઈ છે જે 'કોલ્ડ ડ્રિન્કસ'ના વિતરણ કેન્દ્ર પર થતી ભીડને ખાળવા ઉપયોગી બની રહે છે. આ મશીન એક સાથે અનેક ફેલવર્સના કોલ્ડ ડ્રિન્ક્સ સર્વ કરી શકવાની ક્ષમતા ધરાવે છે. વાઈકોન એક ટેક-સ્ટાર્ટઅપ છે જે મિહિર ત્રિવેદી તથા તેમની ટીમ દ્વારા પ્રસ્તુત કરાયું છે. વાઈકોન થકી એન્ડ્રોઈડ, આઈફોન કે વિન્ઝોડ ઓપરેટીંગ સીસ્ટમ ધરાવતા કોઈપણ સ્માર્ટફોનના ઉપયોગથી મોબાઈલ એપ્લિકેશન ડેવલપ કરવાની સુવિધા પુરી પાડે છે.

ઉનાળામાં શેરડીનો રસ અનોખી શીતળતા પ્રદાન કરે છે. નિકુલ પટેલ, દિલીપ જામરિયા, વિરલ સોલંકી અને સંદીપ જેઠવા દ્વારા રજૂ કરાયેલ સ્ટાર્ટઅપ દ્વારા ડબલ્યુએસજે મશીન બનાવાયું છે. જે શેરડીનો હાઈજેનિક રસ આપશે. આ મશીન લાકડાનું નાનુ તથા હેરફેરમાં સરળતા પડે તેવું બનાવાયું છે. સૌરભ ચાવડા અને પ્રશાંત ડોડિયાએ 'માય ટુલ બેગ' નામનું સ્ટાર્ટઅપ રજીસ્ટર્ડ કરાવ્યું છે. જેમાં એન્જિનીયરીંગ ક્ષેત્રે જરૂર પડતા 'ટુલ્સ' માટે ઈ-કોમર્સ સુવિધા પુરી પાડશે. નિખિલ સુથાર, ઉજ્જવલ પટેલ અને અક્ષય નારખેડે દ્વારા આસ્ક-ટુ-પ્રિન્ટ પ્રોજેક્ટ વડોદરામાં માત્ર ૨ માસમાં ૧૫૦થી વધુ ગ્રાહકોને સંતોષ આપ્યો છે. આ પ્રોજેક્ટ થકી અગત્યના ડોક્યુમેન્ટ્સ પ્રિન્ટ કરવામાં સરળતા રહે છે. બુકોપેસ સ્ટાર્ટઅપ દ્વારા પ્રભાકરન મુરલીધર, પ્રતિક જોગી, સાહિલ રાઠી અને સુમિત જખાનિયાની ટીમે ઓનલાઈન બુક્સ ખરીદી માટે સરળ પ્લેટફોર્મ ઉભુ કર્યું છે. તેમજ તેના પર અઢળક પુસ્તકોનો ખજાનો પણ પુરો પાડ્યો છે.




